# ચૂંટણી પ્રચાર અભિયાન ડાયરી – તા. 26/04/2014

અરૂણ જેટલી
(વિપક્ષી નેતા, રાજ્યસભા)

નરેન્દ્ર મોદીએ પંજાબમાં પાંચ રેલીઓને સંબોધિત કરી. મુખ્ય પ્રધાન સરદાર પ્રકાશ સિંઘ બાદલ અને રાજ્ય ભાજપ પ્રમુખ કમલ શર્માએ તેમને સાથ આપ્યો હતો. આ દરેક રેલીમાં જનમેદની ઉમટી હતી. ભારે ભીડ વચ્ચે જનતાનો ઉત્સાહ અભૂતપૂર્વ જણાતો હતો. પંજાબ માટે મોદીની મુલાકાત ગેમ ચેન્જર બની રહેવાની ધારણા છે.

યુવાવર્ગમાં મોદી-તરફી જુવાળ સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. યુવા પેઢીને સૌથી વધુ પ્રોત્સાહન આપવા માટે તેમની ક્ષમતા સ્પષ્ટ જમાતી હતી. કુશાસન સાથે ભ્રમના વાતાવરણમાં, તેઓ આશાનું કિરણ બની ગયા તેમ લાગે છે.

જેઓએ રેલીમાં હાજરી આપી ન હતી તેઓ રેલીઓની રાજકીય અસરનું વિશ્લેષણ કરતા જોવામાં આવ્યા હતા. અમૃતસરમાં મોદીની મુલાકાત વખતે જનતામાં ઉત્સાહ જણાતો હતો. તેમણે આપેલા વચનોનું પાલન કરવા પોતે સક્ષમ છે એવો વિશ્વાસ જનતામાં ઊભો કર્યો હતો. આ જ કારણસર રાજકારણીઓ તેમનું ઉદાહરણ લેતા થયા છે.

**જનરલ વી.કે.સિંહ અમૃતસરમાં**

મારી ચૂંટણી પ્રચાર ઝુંબેશ માટે શ્રેણીબદ્ધ કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેમાં એક મહત્વપૂર્ણ કાર્યક્રમ એટલે સૈન્યના ભૂતપૂર્વ જવાનોને જનરલ વી.કે.સિંહ દ્વારા કરવામાં આવેલું સંબોધન. તેમાં ભૂતપૂર્વ સૈનિકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા. સશસ્ત્ર દળોના નિવૃત્ત અધિકારીઓ મોટી સંખ્યામાં આ કાર્યક્રમ માટે જહેમત ઊઠાવી રહ્યા હતા. ભૂતપૂર્વ સૈનિકો 'એક રેંક એક પેન્શન'નું વચન અપાયું હોવા છતાં અમલીકરણ ન થવાને કારણે નારાજ છે. રાષ્ટ્રીય સુરક્ષાનો મુદ્દો અગ્રક્રમે છે. યુપીએની નબળી નીતિથી તેઓના મન પર પ્રતિકૂળ અસરો સર્જાઈ છે. બદલાતી જતી ભૌગોલિક વાસ્તવિકતાઓમાં ભવિષ્યના

કોઈપણ આક્રમણ વખતે પાકિસ્તાન અને ચીન એકસાથે જોવા મળે એવી શક્યતા છે એવા સંજોગોમાં પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાની આવશ્યકતા છે. આપણા સૈન્યને સંરક્ષણ ખરીદી કાર્યક્રમ અને સુસજ્જતાની બાબતમાં ગંભીર પરિણામો સહન કરવા પડ્યા છે. એ.કે. એન્ટનીના પ્રધાનપદે સંરક્ષણ મંત્રાલય લગભગ દિશા વગરનું બની ગયું હતું.